વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર
સંચાલિત

# શ્રી ડાહ્યાભાઈ ડોસજીભાઈ ચોક્સી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન

## પ્રવૃત્તિ અહેવાલ

**જૂન ૨૦૧૮ થી મે ૨૦૧૯**



સ્થાપના વર્ષ :- 1971
દાતાનું નામ :- શ્રી ડાહ્યાભાઈ ડોસજીભાઈ ચોક્સી ચૅરિટેબલ ટ્રસ્ટ
સંસ્થાનું સરનામું :- વિદ્યામંદિર પ્રાંગણ, પાલનપુર
ફોન નંબર :- 252285
ઈ-મેઈલ :- principal_ddchokshibedcollege@vidyamandir.org
વેબ સાઈટ :- www.vidyamandir.org
શિક્ષણનું માધ્યમ :- ગુજરાતી
સંસ્થાનો પ્રકાર :- અનુદાન લેતી
આચાર્યશ્રીનું નામ :- ડૉ. નીલુબેન ઘોષ

**પ્રેષક :-**
**ડૉ. નીલુબેન ઘોષ**
**આચાર્ય,**
**શ્રી ડી.ડી. ચોક્સી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન**

# Better Everyday

## સંસ્થા પરિચય

વિદ્યાજ્ઞાન એક સ્વયમ્ ચેતના છે. વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષણ એક પ્રમાણભૂત સક્ષમ માધ્યમ છે. તેના માટે શિક્ષણનો વ્યાપ સતત વિસ્તરતો જ રહે એવા ધ્યેયને અનુલક્ષીને દીર્ઘદ્રષ્ટાશ્રી કાનુભાઈ મહેતાએ બનાસકાંઠામાં શિક્ષણના પ્રચાર- પ્રસાર માટે પાલનપુર ખાતે અનેક શિક્ષણ સુવિધાઓ ઊભી કરવાના સ્વપ્નને સાકાર કર્યું છે.એમની પ્રેરણાથી શ્રી ડાહ્યાભાઈ ડોસજીભાઈ ચોક્સી પરિવારે જિલ્લામાં તાલીમી માધ્યમિક શિક્ષકો તૈયાર કરવાના ઉદ્દેશથી તાલીમી કૉલેજ સ્થાપવા ઉદારતાથી દાન આપતાં ઈ.સ.૧૯૭૧માં શ્રી ડી.ડી. ચોક્સી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશનનો શુભારંભ થયો. આ સંસ્થા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણક્ષેત્રે વિવિધ શૈક્ષણિક તાલીમી કાર્યક્રમો યોજી એક શિક્ષણ કેન્દ્ર તરીકે સક્રિયતા દાખવી રહી છે. આ સંસ્થાના મુખ્ય હેતુઓ આ પ્રમાણે છે.

- સમાજલક્ષિતા, વ્યાપ અને ગુણવત્તાના સંદર્ભે માધ્યમિક શિક્ષકો તૈયાર કરવા.
- જિલ્લા અને ટ્રસ્ટ સંચાલિત શિક્ષણ સંસ્થાઓ માટે સંદર્ભ ઘટક તરીકે માર્ગદર્શન
- શિક્ષણમાં ‘એવરી ડે બેટરમેન્ટ’ નો ખ્યાલ શિક્ષણજગત સુધી લઈ જવો.
- જીવનનાં મૂળભૂત મૂલ્યો અને કૌશલ્યોનું સ્થાપન અને સંવર્ધન
- શાળાકક્ષાએ અને સમાજકક્ષાએ પૂર્ણ જીવનની સંપ્રાપ્તિ
- શાળાકક્ષાએ અને સામાજિક સ્તરે સંબંધ સ્થાપના અને વ્યવહાર
- પૂર્ણ વ્યક્તિત્વનું ઘડતર

## ગત વર્ષનું પરિણામ

**Result of 2017-19 Batch**

**Distinction** :- 49 Student
**Strength** :- 49
**College Result** :- 100 %
**College First** :- Jigisha Solanki



Jigisha Solanki

SGPA : 9.52

CGPS : 9.23



Bhoomika Prajapati

SGPA : 9.52

CGPS : 9.23



Hetal Begadiya

SGPA : 9.65

CGPS : 9.22

## યોગ દિવસ :-

- તા.21-6-2018ના રોજ બીજા વર્ષના તાલીમાર્થીઓ દ્વારા યોગ દિવસની ઉજવણી શ્રીમતી બબુબહેન પરીખ સભા ગૃહ ખાતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં યોગ શિક્ષક તરીકે શ્રી અરવિંદભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં યોગામાં તમામ સ્ટાફ તથા તાલીમાર્થીઓ ભાગ લીધો. વિશ્વ યોગા દિવસની ઉજવણી દ્વારા તાલીમાર્થીઓ સ્વાસ્થ્ય જાગૃતતા અને વિવિધ યોગાના આસનોથી વાકેફ થયા.



## સ્લાડ સ્પર્ધા :-

- તા.12-7-2018ના રોજ વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ડી. ડી. ચોક્સી અને અંગ્રેજી માધ્યમ બી.એડ્. કોલેજના સંયુક્ત ઉપક્રમે સ્લાડ સ્પર્ધાનું આયોજન થયેલ. સ્પર્ધામાં નિર્ણાયકો દ્વારા અપાયેલ નિર્ણય ૧ થી ૩ ક્રમ આપવામાં આવેલ જેમાં પ્રથમ નંબર જિગીષા સોલંકી ગ્રુપને મળેલ. સલાડ સ્પર્ધા દ્વારા તાલીમાર્થીઓ અંદર રહેલી કળાને જાગૃત કરવા તથા વિવિધ વસ્તુઓથી સુશોભનને કેવા કેવા આકારો કે ગોઠવણી કરવા તે અંગે જાગૃતતા કેળવી.



## જૂથ ચર્ચા :-

- તા.14-7-2018ના રોજ વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત બી.એડ્. કોલેજના સંયુક્ત ઉપક્રમે જૂથ ચર્ચા કાર્યક્રમ ડી. ડી.ચોક્સીના પ્રાર્થના ખંડમાં યોજવામાં આવેલ. જૂથ ચર્ચાના વિષય ‘‘ વર્તમાન સમયમાં શિક્ષણ અને ICT ’’ જે અંતર્ગત પ્રથમ વિજેતા ગ્રુપ પ્રજાપતિ ભૂમિકા જૂથને થયું હતું. જૂથ ચર્ચાનો હેતુ એક વિષયને અનુલક્ષીને તાલીમાર્થીઓ પોતાના વિવિધ અભિપ્રાયો સ્વતંત્ર રીતે વિચારીને રજૂ કરી શકે તે અંગેનો હતો.




## પ્રવેશોત્સવ :-

- તા.2-8-2016નાં રોજ પ્રથમ વર્ષનાં તાલીમાર્થીઓનાં આવકાર કાર્યક્રમ અને સંસ્કરણ કાર્યક્રમનું આયોજન સેમ.૨ ના તાલીમાર્થીઓ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. એમાં પ્રિન્સીપાલ અને તાલીમાર્થીઓ તેમજ અધ્યાપક મિત્રો પણ હાજર રહ્યા હતા અને તેમને તિલક અને મોઢું મીઠું કરાવવામાં આવ્યું હતું. વિવિધ વિષયોની ડીગ્રી મેળવ્યા બાદ તાલીમાર્થીઓ જ્યારે વ્યવસાયિક કારકિર્દી માટે આવે છે ત્યારે તેમને યોગ્ય મૂલ્યો અને સમાજના ઘડતરના અનેક અનુભવો આપવામાં આવે છે તેથી જ્યારે પ્રથમ વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે તેમનો યોગ્ય સત્કાર અને સંસ્કરણથી પ્રવેશોત્સવ ઉજવાય છે.



*શિક્ષણ માનવીને ચારિત્ર્યવાન બનાવે છે. – સ્વામી વિવેકાનંદ*

### પરસ્પર પરિચય :-



- તા.6-8-2018નાં રોજ પ્રથમ વર્ષનાં તાલીમાર્થીઓનો પરિચય પરસ્પર કેળવાય અને એકબીજાને ઓળખતા થાય તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. નિલુબેન દ્વારા પરિચય અને તેની રૂપરેખાની સમજ આપીને ક્રમશઃ તમામ સ્ટાફગણ અને પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનો પરિચય મેળવ્યો. તાલીમાર્થીઓની અંદર રહેલી વિવિધ શક્તિઓ અને ક્ષમતાઓને જાણવા માટે પરસ્પર સામૂહિક પરિચય કેળવીને આત્મીયતા જાગૃત થાય તે માટે પરિચય પરસ્પરનું કાર્યક્રમ યોજવામાં આવેલ.

### શપથગ્રહણ સમારોહ:-



- તા.8-8-2018ના રોજ પ્રથમ વર્ષનાં તાલીમાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓની જવાબદારીની વહેંચણી માટે ચૂંટણી પ્રક્રિયાથી મતદાન કરીને એલ. આર. અને જી. એલ.ની પસંદગી કરવામાં આવેલ તથા વિવિધ પ્રવૃત્તિઓની જવાબદારી સ્વેચ્છાએ પસંદ કરીને શપથ ગ્રહણ તાલીમાર્થીઓએ કર્યા. શિક્ષક તરીકેની કારકિર્દીમાં આવનાર તાલીમાર્થીને પોતાની જવાબદારી તથા ફરજોથી જાગૃત થાય તે માટે બે વર્ષ દરમિયાન કોલેજમાં પોતાના કર્તવ્યો અને ફરજોનું પાલન તથા જે તે જવાબદારી સ્વિકારવા માટે મતદાન જાગૃતતા દ્વારા ચૂંટણી પ્રક્રિયાથી પરિચિત કરીને વિવિધ જવાબદારીની વહેંચણી કરવામાં આવેલ.

### એક દિવસીય પ્રવાસ:-



- તા.10-8-2018ના રોજ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર માટે અરસપરસ પરિચય કેળવાય તે માટે એકદિવસીય પ્રવાસનું આયોજન નડાબેટ ખાતે કરવામાં આવેલ. જેમાં તમામ તાલીમાર્થીઓ જોડાયા અને ભારતની બોર્ડરની મુલાકાત કરીને બી.એસ.એફ. જવાનો દ્વારા વિવિધ પ્રદર્શનો નિહાળીને દેશભક્તિથી જાગૃત થયા. તાલીમાર્થીઓ એકબીજાથી નજીક અને અને પોતાની સંવેદનાઓ એકબીજાને આપલે કરે તેવી પળોની જરૂર હોય છે તથા રાષ્ટ્રભાવના તેમજ દેશના જવાનો પાસેથી ફરજ સીમા પર શું છે તે અંગે જાણવા પિકનિકનું આયોજન થયેલ.

### ચાર્ટ સ્પર્ધા:-



- તા.18-8-2018ના રોજ વિદ્યામંદિર બી.એડ. કોલેજના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા શિક્ષણને લગતા વિષયને ધ્યાનમાં રાખી વિવિધ ચાર્ટ બનાવવામાં આવેલ જેમાં ૧ થી ૩ નંબર નિર્ણાયકો દ્વારા આપવામાં આવેલ. જેમાં નિર્ણાયકો તરીકે સેમ.૩ના તાલીમાર્થીઓની પસંદગી કરવામાં આવેલ. વિવિધ શક્તિઓ અને ક્ષમતાઓના વિકાસ માટે તાલીમાર્થીઓ દ્વારા વિવિધ શિક્ષણના વિષયને આધીન ચાર્ટસ સ્પર્ધાથી ચિત્રકળા કૌશલ્ય જાગૃત કરવા માટે સ્પર્ધા યોજાઈ.

### શિક્ષણ વિદોની મુલાકાત સંસ્થામાં :-



- તા.1-9-2018ના રોજ વિદ્યામંદિર બી.એડ. કોલેજના કેમ્પસમાં વિવિધ ૧૩ રાજ્યો જમ્મુ કાશ્મીર, વેસ્ટ બંગાળ, માલપુર, કેરાલા, મિઝોરમમાંથી શિક્ષણવિદો પધારેલ. શિક્ષણવિદો બી.એડ્. કોલેજની મુલાકાત લઈને તાલીમાર્થીઓને શિક્ષણ અને શિક્ષક તરીકે જવાબદારી રાષ્ટ્રભાવના તરીકેની હોવી જોઈએ તે અંગે વિવિધ માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં ડૉ. હેમલત્તા તલાશરાએ તાલીમાર્થીઓની સાથે સમય આપ્યો હતો. શિક્ષણ પ્રક્રિયા આજીવન ચાલતી હોવાથી વિવિધ અનુભવોથી ભરપૂર વાસ્તવિકતા જીવન સાથેનો ઘડતર થયેલા મહાન શિક્ષણવિદ્દોના પ્રત્યક્ષ મુલાકાત અને માર્ગદર્શનથી તાલીમાર્થીઓ આનંદ વિભોર થયા.

### શિક્ષક દિનની ઉજવણી :-




- તા.5-9-18 ના રોજ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મજયંતીની ઉજવણી શિક્ષકદિન તરીકે કરવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓ દ્વારા પ્રિન્સીપાલ, કલાર્ક,પટાવાળા અને વિવિધ વિષયોના અધ્યાપકોની પસંદગી સ્વેચ્છાએ સ્વીકારીને અધ્યયન- અધ્યાપન કાર્ય આ દિવસે સારી રીતે કરીને પ્રત્યક્ષ શૈક્ષણિક અનુભવ મેળવવામાં આવ્યો. તાલીમાર્થીઓ દ્વારા શિક્ષક તરીકેના વાસ્તવિક પ્રત્યક્ષ અનુભવ લેવા માટે શિક્ષકદિનના દિવસે ડૉ. રાધાકૃષ્ણ ઉજવણી તાલીમાર્થીઓ દ્વારા અધ્યયન- અધ્યાપન કાર્ય કરાવીને ઉજવવામાં આવેલ.

### માઈક્રોટીચિંગ સ્પર્ધા:-




- તા.14-9-18 ના રોજ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ માઈક્રોટીચિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંતર્ગત ભાગ લેનાર તાલીમાર્થીઓમાંથી ૧ થી ૩ નંબર આપવામાં આવ્યા. શિક્ષક તરીકેની કારકિર્દીમાં વર્ગખંડમાં પ્રવેશથી માંડીને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં અંત સુધીમાં કઈ કઈ સૂક્ષ્મ બાબતોથી વાકેફ રહેવું તે માટે માઈક્રોટીચિંગ સ્પર્ધાએ પાયાની ભૂમિકા તરીકે હોવાથી આ સ્પર્ધામાં વિવિધ મહત્વના કૌશલ્યનું અધ્યાપન કાર્ય કરવામાં આવેલ.

### લવકુશ ફનફેર :-



- તા.1-10-18 ના રોજ શ્રી ચાચા નહેરુના જન્મજયંતી નિમિત્તે અમારી કોલેજના તાલીમાર્થીઓ દ્વારા લવ-કુશ ફનફેર (મેળા)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓએ અલગ-અલગ ખાણી-પીણીનાં દુકાનો તેમજ વિવિધ ગેમો પણ રાખી હતી. જે અંતર્ગત વિદ્યામંદિર પ્રાંગણમાં અભ્યાસ કરતાં બાલમંદિરથી લઈને ધો.૧૨ સુધીનાં વિદ્યાર્થીઓ મુલાકાતમાટે આવ્યા હતા. તાલીમાર્થીઓમાં સાહસિકતા આવે અને કંઈક કાર્ય કરી બતાવવા માટે કાર્ય કરીને આદળ આવવાનીવૃત્તિ હોવાથી વિવિધ ખાવા- પીવાના તથા રમતોના સ્ટોલની જવાબદારી લઈને વ્યાવસાયિક જીવનમાં બાળકોના અનુભવ તથા ગ્રાહક અને દુકાનદાર વચ્ચેના આંતરસંબંધો જાણવા માટેના અનુભવ પ્રત્યક્ષ લેવા ફનફેરનું આયોજન કરેલ.

### જાગો ગ્રાહક- બેંક વ્યવહાર:-



- તા.26-10-18 ના રોજ એસ.બી.આઈ. બેંક દ્વારા ઓનલાઈન જાગૃતતા અંગે એસ.બી.આઈ. બેકની ટીમ દ્વારા વિજીલન્સ અવેરનેસની માહિતી આપવામાં આવી હતી. જેમાં બેંકના મેનેજર અને અમદાવાદની ટીમની ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આધુનિક યુગ એ ટેકનોલોજીનો હોવાથી દરેક માણસના હાથમાં મોબાઈલ એ જીવનશૈલી થઈ ગઈ તે માટે વિવિધ બેંકના ઓનલાઈન વ્યવહારો કરવા તથા એટીએમ કે ચેક અંગે સાવચેતી રાખવી તે અંગે જાગૃતતા કેળવી.

*'' આળસું માણસનું વર્તમાન અને ભવિષ્ય નથી હોતા.'' – ચાણક્ય*

### મમતામંદિરની મુલાકાત :-



- તા. 3-11-18 ના રોજ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ મમતામંદિરની મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા ત્યાં તેમણે HI,VI,MR નાં વિદ્યાર્થીઓની મુલાકાત લીધી હતી. તાલીમાર્થીઓને વિવિધ સંસ્થાઓમાં ચાલતા અભ્યાસક્રમ અને તેની પ્રવૃત્તિઓથી પરિચિત કરવા માટે મમતામંદિર કેમ્પસમાં સ્પેશ્યલ બી.એડ્. કોલેજનો પરિચય કરવા તથા તેના અભ્યાસક્રમ અને ભિન્નનતા શું છે તે જાણવા માટેની મુલાકાત લેવામાં આવી.

### પ્રવાસ:-



- તા. 8-12-18 થી 16-12-18 એમ 10 દિવસ યોજવામાં આવ્યો હતો જેમાં પ્રવાસનાં સ્થળો અમૃતસર, કુલુમનાલી, ધર્મશાળા, ડેલહાઉસી જેવા સ્થળે હતો. તાલીમાર્થીઓ ઐતિહાસિક સ્થળો અને દેશના વિવિધ સ્થળોમાં થયેલા સમયાંતરે ફેરફાર અને વિકાસને નજીકથી માણવા માટે પ્રાકૃતિકદશ્યોની ભાવના અને સંવેદનાઓથી ભરપૂર થવા શૈક્ષણિક પ્રવાસનું આયોજન થયેલ.

### યુનિવર્સિટી વ્યાખ્યાન :-



- તા. 29-12-18 ના રોજ યુનિવર્સીટી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવેલ. જેનો વિષય 'અધ્યાપન મોડેલ' તેમાં તજ્જ્ઞ ડૉ. કલ્પેશ પાઠક આઈ.આઈ.ટી.ઈ. ગાંધીનગરની ઉપસ્થિતિ રહી. તમામ તાલીમાર્થીઓને શિક્ષણમાં આવતા પ્રવર્તમાન શૈક્ષણિક પ્રવર્તમાનો અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી. આધુનિક યુગની શિક્ષણપ્રણાલી સાથે તૈયાર થતો આજના શિક્ષકને વિવિધ શિક્ષણની પદ્ધતિઓથી પરિચિત થાય તે માટે યુનિ. વ્યાખ્યાનમાળાનું આયોજન અધ્યાપન પ્રતિમાન વિષય પર તજજ્ઞીય વકતવ્યથી માહિતી પ્રત્યક્ષ અનુભવો મેળવ્યા.

### વાદ-વિવાદ સ્પર્ધા :-



- તા. 10-01-19 ના વિદ્યામંદિર બી.એડ્. કોલેજના સંયુક્ત ઉપક્રમે વાદ-વિવાદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેનો વિષય 'શિક્ષણ સંસ્થાઓમાં નાગરિકતાનું શિક્ષણ જરૂરી છે.' આ સ્પર્ધામાં ૧૨ સ્પર્ધકોએ ભાગ લીધેલ તેમાંથી પ્રથમ ૩ ને નિર્ણાયકો દ્વારા નિર્ણય આપીને સન્માન કરવામાં આવ્યું. તાલીમી કોલેજનો અભ્યાસક્રમ હોવાથી તાલીમાર્થીઓના વાસ્તવિક પ્રત્યક્ષ અનુભવો થાય તે માટે પોતાના સ્વતંત્ર વિચારો એકબીજાના જૂથની સામે રજૂ કરી શકે તે માટે વાદવિવાદ સ્પર્ધાનું આયોજન.

### પક્ષી બચાવો- ઉત્તરાયણ નિમિત્તે :-




- તા. 11-01-19 ના રોજ ઉત્તરાયણના ઉત્સવ નિમિત્તે તાલીમાર્થીઓને પક્ષીઓને દોરીથી બચાવવા માટે પ્રાથમિક સારવાર કેવી કરવી તે અંગેનું માર્ગદર્શન ડૉ. પ્રતિક પંચાલ દ્વારા તથા તેમની ટીમ દ્વારા માહિતી આપવામાં આવી હતી. વિશ્વએ પ્રાકૃતિકથી સુંદર લાગે છે. પૃથ્વી પર અનેક જીવો વસે છે. માનવી જ પોતાની સંવેદનાઓ અભિવ્યક્ત કરી છે પરંતુ પક્ષીઓ અને પ્રાણીઓ પોતાની સંવેદના વ્યક્ત કરી શકતા નથી ત્યારે વિવિધ ઉત્સવો વખતે તેમની દેખરેખ રાખવા અંગે જાગૃતતા કેળવી જરૂરી છે. પતંગોત્સવના દિવસે દોરીથી પક્ષીઓને બચાવવા કેવી રીતે તેનો પ્રત્યક્ષ ડેમોટ્રેશન ડૉ. પ્રતિક પંચાલ ટીમ દ્વારા આપવામાં આવેલ.

### ૨૬ મી જાન્યુઆરી:-

- તા. 26 મી જાન્યુઆરી 2019ના રોજ સ્વાતંત્ર દિવસની ઉજવણીને ધ્યાનમાં રાખીને રાજ્યનો સ્વતંત્રતા દિનની ઉજવણી બનાસકાંઠામાં થયેલ તે અંતર્ગત આપણા તાલીમાર્થીઓ દ્વારા બી.એસ.એફ. પ્રદર્શન તથા વિદ્યામંદિર પ્રદર્શનમાં તાલીમાર્થીઓએ વિવિધ પ્રદર્શનમાં સેવા આપવામાં આવેલ. પ્રદર્શન નિહાળવા બી.એડ્. કોલેજના ઈકોપેન અને અગરબત્તી પ્રદર્શનમાં જ્યારે મુખ્યમંત્રીશ્રી પ્રત્યક્ષ મુલાકાત લઈને માહિતી મેળવીને તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી ત્યારે તાલીમાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડેલ.

### વૈદિક ગણિત:-




- તા.18-1-19ના રોજ વૈદિક ગણિતમાં વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. તેના તજજ્ઞ તરીકે શ્રી બળદેવભાઈ પરમાર સિવિલ એન્જીનીયર ગાંધીનગર ઉપસ્થિત રહીને વૈદિક ગણિતનું આધુનિક મહત્ત્વ તથા તેમાં રહેલ વિવિધ સોળસૂત્રોથકી સમજ ઉદાહરણ દ્વારા વિસ્તૃત માહિતી તાલીમાર્થીઓને આપવામાં આવી. તાલીમાર્થીઓના તાલીમી અભ્યાસ દરમિયાન વિવિધ વિષયોના અભ્યાસક્રમોની સાથે અન્ય વિષયોનું જ્ઞાન હોવું જરૂરી હોવીથી વૈદિક ગણિતએ રસપ્રદ રીતે અધ્યયન કરાવવાની એક પદ્ધતિ હોવાથી એકદિવસીય વર્કશોપનું આયોજન કરેલ.

### ગાંધીબુદ્ધ પ્રવૃત્તિઓ:-




- તા.7-3-19 અને 8-3-19 ના રોજ તાલીમાર્થીઓ દ્વારા ગાંધીબુદ્ધ અંતર્ગત ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને સફાઈ અભિયાન રાખવામાં આવ્યું હતું. જેમાં ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધામાં ૧ થી ૩ નંબર આપવામાં આવ્યા હતા. આ પ્રવૃત્તિમાં દરેક તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યામંદિર સંસ્થા દ્વારા વિવિધ રીતે અનેક સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન થાય છે ત્યારે આ વર્ષે ગાંધીબુદ્ધ કેન્દ્ર અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ ગાંધીજીના આધુનિક શિક્ષણના અભિગમને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવેલ.

*‘‘ ખરો વિદ્યાભ્યાસ એ જ છે કે જેના વડે આપણે આત્માને પોતાની જાતને, ઈશ્વરને અને સત્યને ઓળખીએ.’ — ગાંધીજી*

## ગ્રાહક જાગૃતતા દિનઃ-

- તા. 13-03-19 ના રોજ અમારા તાલીમાર્થીઓ દ્વારા ગ્રાહક જાગૃતતા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓ દ્વારા વકતવ્ય તેમજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના વિવિધ સામાજીક કૌશલ્યો પ્રત્યે જાગૃત થાય અને તે માટે કંઈક જાણવાની તથા કરી બતાવવાની તમન્નાઓ જરૂરી હોવાથી તાલીમાર્થીઓને ગ્રાહક તરીકે શું જાણવું અને તેનાથી જાગૃત નાગરિક તરીકે શું કરી શકાય તે માટે ગ્રાહક જાગૃતતા દિનની ઉજવણી થઈ.




## વિશ્વ ગ્રાહક દિન :-

- તા. 15-03-19 'વિશ્વ ગ્રાહક દિન'ની ઉજવણી તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. પ્રેઝન્ટેશન દ્વારા ગ્રાહક જાગૃતતાની સક્રિયતા વિશે બતાવવામાં આવી હતી. વિશ્વ ગ્રાહક દિનની ઉજવણી પ્રેઝન્ટેશન દ્વારા વિવિધ માહિતી અને પ્રત્યક્ષ અનુભવ આપવામાં આવેલ.



## કેમ્પસ ઈન્ટરવ્યું:-

- તા. 18-04-19 ના રોજ અમારી કોલેજમાં કેમ્પસ ઈન્ટરવ્યુ પસંદગી કરવામાં આવી હતી. જમાં બી.એડ્. કોલજ સેમ.-૪ના તાલીમાર્થીઓ દ્વારા અલગ અલગ શાળાઓનાં આચાર્યની ઉપસ્થિતિમાં રહીને ઈન્ટરવ્યુ યોજવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓને વ્યવસાયિક કારકિર્દીને યોગ્ય રીતે કૌશલ્યોનો વિકાસ થાય અને વ્યાવસાયિક સજ્જતા યોગ્ય થાય તે માટે વિદ્યામંદિર અને વિવિધ શાળાઓના ટ્રસ્ટી અને આચાર્યશ્રી દ્વારા ઈન્ટરવ્યુ કરીને પોતાની રોજગાર તરીકેની તકોથી માહિતીસભર કરવામાં આવેલ.




## આંતરરાષ્ટ્રીય મહિલા દિનઃ-

- તા. 8-03-19 ના રોજ બી.એડ્. કોલેજની તાલીમાર્થીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં તાલીમાર્થી બહેનોને મહિલાનું શું સ્થાન છે તે વિષે સ્પીચ આપી હતી. આધુનિક સમયમાં સ્ત્રી સશક્તિકરણ જરૂરી હોવાથી તાલીમાર્થીઓ દ્વારા સ્ત્રી શિક્ષિત કેવી રીતે થાય અને સ્વતંત્ર રીતે શિક્ષણ મેળવીને યોગ્ય જીવન જીવે તે જરૂરી છે તે અંગે વિવિધ માર્ગદર્શન આપવામાં આવેલ.




*" બુદ્ધિશાળી વ્યક્તિ અવસરની રાહ જોતો નથી પણ અવસર પેદા કરે છે."*

***શૈક્ષણિક ક્ષેત્રમાં કોલેજનું યોગદાન:-***

- શ્રી ડી.ડી. ચોક્સી બી.એડ.સેમ-૪ના ૧૦ તાલીમાર્થીઓ દ્વારા ધો. ૬ થી ૮ ગુજરાતી માધ્યમમાં ઈન્ટર્નશીપ દરમિયાન ઉપચારાત્મક અને સ્થાયી કાર્યક્રમ દ્વારા અધ્યયન- અધ્યાપન કાર્ય કરાવેલ.
- રાજ્યકક્ષાએ યોજાયેલ બનાસકાંઠામાં ૨૬ મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ વિદ્યામંદિર કેમ્પસ ખાતે બી.એસ.એફ. અને સંસ્થા પ્રદર્શનમાં બી.એડ્. તાલીમાર્થીઓ દ્વારા સ્વયંસેવક તરીકેની ફરજ બજાવેલ.
- ગુજરાત સરકાર દ્વારા ધો.૬ થી ૮ માં 'મિશન વિદ્યા' કાર્યક્રમના મૂલ્યાંકન માટે તા. ૬-૮-૨૦૧૮ થી તા. ૯-૮-૨૦૧૮ના રોજ ડી.ડી. ચોક્સીના તાલીમાર્થીઓ દ્વારા થરાદ-વાવ તાલુકામાં જોઈને મૂલ્યાંકન કરીને આંકડાકીય પ્રગતિ મેળવી હતી.
- શ્રી ડી.ડી. ચોક્સી બી.એડ્. કોલેજના સેમ-૪ના તાલીમાર્થીઓ દ્વારા ઈન્ટર્નશીપ કાર્યક્રમ અંતર્ગત વિવિધ શાળાઓમાં જઈને ક્રિયાત્મક સંશોધન કાર્ય હાથ ધરેલ. જેનો વિષય હતો, શાળામાં સમયસર ન આવવું, વાંચન લેખન, સ્પેલિંગ ભૂલ, શાળામાંથી વહેલા ઘરે જતું રહેવું, અંગ્રેજી વિષયમાં રસ ન હોવો વગેરે.

***મુખ્ય યોજનાનું અમલીકરણ:-***

- એન. એસ.એસ. યુનિવર્સિટીમાં પ્રથમ કોલેજ
- સ્કાઉટમાં પ્રથમ કોલેજ
- ગ્રાહક જાગૃતતા કેન્દ્ર
- ઈકો ક્લબ
- કેમ્પસ પ્લેસમેન્ટ કેમ્પ
- અગરબત્તી પ્રોજેક્ટ
- IIT મુંબઈ દ્વારા પ્રોજેક્ટ
- VCSSR પ્રોજેક્ટ ગ્રાન્ટ 6 લાખ દિલ્હી

***સંસ્થાની ઝળહળતી પ્રતિભાઓ :-***

- હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ દ્વારા - આણંદ ખાતે NIC કેમ્પમાં તા. ૨૫-૧૧-૧૮ થી ૧-૧૨-૧૮ NSS પ્રવૃત્તિમાં ડી.ડી. ચોક્સી કોલેજના તાલીમાર્થી નાટ્ય સ્પર્ધામાં પ્રથમ નંબર આવનાર અશ્વિન પરમાર, અજમલ ડાભી એ સંસ્થાનું ગૌરવ વધારેલ છે.



NSS પ્રવૃત્તિ

- રાજ્ય સ્તરે યોજાયેલ શ્રીમતી કે. બી. દવે બી.એડ્. કોલેજ પિલવાઈ ખાતે તા.૨૯-૧-૧૯ વાદ-વિદાન સ્પર્ધામાં ડી.ડી. ચોક્સી કોલેજના તાલીમાર્થી દ્વિતીય નંબર આવનાર પ્રજાપતિ કોમલ બી. મેળવીને ગૌરવ વધારેલ.




પ્રજાપતિ કોમલ બી.

- ઓલ ઈન્ડિયા નિબંધ લેખન સ્પર્ધા ૨૦૧૮નો યોજાયેલ વિષય 'ગાંધીજીના વિચારો' પર લખેલ નિબંધ સ્પર્ધામાં કોલેજ કક્ષાએ પ્રથમ શ્રેણીમાં ડી.ડી. ચોક્સીના ૩ તાલીમાર્થીઓએ ભાગ લઈને પ્રમાણપત્ર મેળવેલ.
- બનાસકાંઠા જિલ્લા કક્ષાએ સરદાર વલ્લભભાઈ પટેલ રથયાત્રા અંતર્ગત જિલ્લા પંચાયત દ્વારા નિબંધ સ્પર્ધાનું આયોજન તા. ૨૦-૧૦-૧૮ના રોજ થયેલ. જેનો વિષય 'રાષ્ટ્રીય એકતા' આ વિષય પર નિબંધ લેખન કરનાર શ્રી ડી. ડી. ચોક્સી કોલેજના તાલીમાર્થી કોમલ પ્રજાપતિ દ્વિતીય નંબર પ્રાપ્ત કરીને ઈનામ સ્વરૂપે ૩૦૦૦/- ચેકથી આપીને સંસ્થાનું ગૌરવ વધારેલ.
- શ્રી સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે તા.૧૨-૧-૧૯ના રોજ યોજાયેલ એમ.એ. પરીખ ફાઈન આર્ટસ કોલેજ ખાતે નિબંધ સ્પર્ધામાં ૦૬ તાલીમાર્થીઓએ ભાગ લીધો.

## FACULTY ACHEIVEMENTS OF DD CHOKSI COLLEGE OF SECONDARY EDUCATION

(21018-19)

### Dr. N. G. Ghosh- Acting Principal

1. Nominated as a Board Member of Teacher Education and Learning Technology, as per the provisions of Statute of IITE, Gandhinagar, its clause 18 and sub clause 1 for the term of the 3 (three) years.
2. As a Project Coordinator of Diploma in Elementary Education (D.El.Ed) programme. The programme has been developed by the Academic Department, NIOS on the initiative of Ministry of Human Resource Development (MHRD), Govt. of India, keeping in view the NCF 2005, RTE 2009 and NCFTE 2010.
3. As a Project Director in the project entitled "A Study of Indigenous Scientific Practices Used by the People of Tribal Areas of Banaskantha District of Gujarat State and their Prevalence in Modern Society" funded by India Council of Social Science Research, New Delhi.
4. Nominated as an NSS Director, of Smt. S.P. Kothari English Medium B.Ed. College.
5. As a Nodal Officer of HNG University, Patan from KCG - Gujarat and College became the Centre for Software Training Program as a part of National Mission on Education through ICT, funded by MHRD Govt. of India in association with Spoken Tutorial, IIT Mumbai.
6. Research paper published in TTMA TRACKS, ISSN:2394-2908, titled, 'Reflective Journal Writing As a Metacognitive Tool' in vol.1/issue-45/August.2018.
7. Participated as a Presenter, as a Chair person, and as a Panelist too, in an International Conference '2018' on 'Equity and excellence in Education: Global Challenges' under the topic "Teaching for Sustainable Development and Excellence" held on 27th to 30th August 2018.
8. Participated in NSS-Annual Conference and workshop -Organised by HNGUniversity on 7th Feb.2019
9. Participated in UGC Sponsored Refresher Programme- Conducted by HRDC-GNDUniversity, Amritsar, from 8thMarch '19' to 28th March '19'. Scored rank: 'A' grade
10. Two students have completed Ph.D under my Guidance from HNG University , Patan
11. Nominated as a Coordinator of Eco club by Gir Foundation - Under Government of Gujarat
12. Nominated as a Coordinator in SWAYAM -PORTAL recently launched by MHRD .

**Extended hands in HNGUniversity, Patan :**

1. Nominated as a paper setter of B.Ed & M.Ed .
2. Nominated as a chairperson in the B.Ed Practical Exams.
3. Nominated as an University Representative and Interview Expert for the selection of academic staff in colleges aff.with HNGUniversity, Patan
4. Nominated as an examiner for checking of theory papers B.Ed & M.Ed
5. Nominated as an examiner for checking and taking viva of M.Ed Desertation.
6. Nominated as an examiner to adjudicate Ph.D thesis
7. Nominated as a squad member in HNG University examinations.
8. Nominated as a LIC member & Chairperson in inspection of B.Ed&M.Ed Colleges aff. With HNG University.

**Dr. Bharat Kumar P. Mali**

**- Asst.  Professor: Sanskrit**

- Recognised as a P.G.Assist. Professor from HNGUniversity, Patan
- As Sanskrit expert in interview committee at HNGU, Patan
- As Research Assistant in ICSSR Project, MHRD
- As a Coordinator of stationary department, library-Vidyamandir Trust
- As external paper setter at HNGU
- As study centre assistant of  NIOS-D.El.Ed
- As an expert in M.Ed  Dissertation Checking
- As an expert in paper checking of B.Ed  and M.Ed
- As a squad member, during Examination of HNGUniversity, Patan.

**Mrs. Arpana Tripathi**

**Asst. Professor : Math/ Science**

- Nominated as  a Program Officer of NSS
- Participated in annual workshop of NSS in Poicha on 6th and 7th February, 2019
- Cleared entrance exam for Ph.D from Banasthali Vidyapeeth
- Enrolled in Ph.D from Banasthali Vidyapeeth
- As resource person in NIOS
- As field assistant in ICCSR Project, MHRD
- As in charge of Eco Club, Geer foundation, Gandhinagar
- As a mentor in Swayam - Portal , introduced by MHRD

**Ms. Rashmi Ediwal**

**Asst. Professor: Social science**

- As campus placement coordinator
- Cleared entrance exam for Ph.D from Rajasthan Vidyapeeth
- Enrolled in Ph.D from Rajasthan Vidyapeeth
- As resource person in NIOS
- As field assistant in ICCSR Project, MHRD

**Ms. Suhana Makrani**

**Asst. Professor: ICT**

- As Program Officer NSS
- Cleared entrance exam for Ph.D from Madhav university
- Enrolled in Ph.D from Madhav University
- As resource person in NIOS

**Ms. Hetal L. Desai**

**Asst. Professor: Gujarati**

- As resource person in NIOS
- As Consumer Club Coordinator
- As Mission Vidya Coordinator

**Dr. Himanshu G. Archarya**

**Asst. Professor: English**

- P.G. accreditation from HNGU
- As Resource Person in NIOS
- As Coordinator for Khel Mahakumbh

## કર્મચારી પત્રક

| નામ | હોદ્દો | લાયકાત | આ સંસ્થામાં અનુભવ |
|---|---|---|---|
| ડૉ.નિલુબેન ઘોષ | આચાર્યા | M.Sc., M.Ed., M.B.A.,Ph.D. | 2 વર્ષ |
| ડૉ. ભરતકુમાર પી. માળી | વ્યાખ્યાતા | M.A., M.Ed., Gset.,Ph.D. | 2 વર્ષ |
| ડૉ. હિમાંશુભાઈ આચાર્ય | વ્યાખ્યાતા | M.A., M.Ed., Ph.D. | 2 વર્ષ |
| શ્રીમતી અર્પણાબેન ત્રિપાઠી | વ્યાખ્યાતા | M.Sc., M.Ed. | 2 વર્ષ |
| શ્રીમતી હેતલબેન દેસાઈ | વ્યાખ્યાતા | M.A., M.Ed., Mphil | 3 વર્ષ |
| શ્રીમતી સુહાના મકરાણી | વ્યાખ્યાતા | M.S.C.(C.A. & I.T.) | 2 વર્ષ |
| શ્રી ઉમંગભાઈ જોષી | ક્લાર્ક | B.A. | 4 વર્ષ |
| શ્રી એસ.એસ.સોલંકી | સફાઈ કામદાર | ધો.10 નાપાસ | 32 વર્ષ |
| શ્રી એલ.જે. તરાલ | પટાવાળા | ધો.10 પાસ | 29 વર્ષ |
| શ્રી દિનેશભાઈ પરમાર | પટાવાળા | ધો.9 પાસ | 10 વર્ષ |

# D. D. Choksi College of Secondary Education, Palanpur.
## Committee batch (2018-2019)

| Sr.no | Committee | Mentor | Incharge | Student |
|---|---|---|---|---|
| | G.S | - | Ashok Prajapati | - |
| | L.R | - | Komal Prajapati | - |
| 1 | Welcome | Hetal Desai | Nai Meenakshi | Parat Sonal |
| | | Sohana Makrani | | Prajapati Gunjan |
| 2 | Prayer | Sohana Makrani | Patel Arti | Solanki Shilpa |
| | | Rashmi Ediwal | | Prajapati Pooja |
| | | | | Srimali Darshna |
| 3 | Birthday | Arpana Tripathi | Gunjan Jalpa | Patel Tanvi |
| | | Sohana Makrani | | Chauhan Ankita |
| 4 | Bulletin | Rashmi Ediwal | Desai Palak | Tailor Binal |
| | | Sohana Makrani | | Panchasara Urmila |
| 5 | Cleanliness | Arpana Tripathi | Darji Dipika | Udaji Singh |
| | | Hetal Desai | | Patel Nisha |
| 6 | Sport | Dr.Himanshu Acharya | Prajapati Manish | Chauhan Manju |
| | | Umang Joshi | | Jitendra |
| 7 | Cultural | Dr.Bharat Mali | Trivedi Mausami | Modi Divya |
| | | Sujata Barot | | Patel Anjali |
| 8 | Internship | Arpana Tripathi | Prajapati Komal | Patel Nisha |
| | | Hetal Desai | | Parmar Kajal |
| 9 | Tour/Excursion | Dr.Bharat Mali | Modh Jinal | Srimali Darshana |
| | | Dr. Himanshu Acharya | | Chauhan Irshaad |
| 10 | Grievance | Rashmi Ediwal | Jitendra | Modh Jinal |
| | | | | Patel Nisha |
| 11 | Action Research | Dr.N.G.Ghosh | Nai Meenakshi | Patel Tanvi |
| | | Dr.Bharat Mali | | Sonal |
| 12 | Workshop/Seminar | Dr. Himanshu Acharya | Patel Maitri | Ambani Jagruti |
| | | Dr.Neelu Ghosh | | S Bhoomika |
| 13 | Language/Media Reporting | Dr. Himanshu Acharya | Mukesh | Joshi Pooja |
| | | Rashmi Ediwal | | Parmar Sangeeta |
| 14 | Student Welfare/Fund | Dr.Neelu Ghosh | Prahjapati Sangeeta | Rajput Heena |
| | | Rashmi Ediwal | | Qureshi Altaf |
| 15 | Woman Development | Arpana Tripathi | Rajput Heena | Aarti |
| | | Hetal Desai | | Prajapati Rinku |
| 16 | Environment | Arpana Tripathi | Panchal Veena | Yadav Vandana |
| | | Sujata Barot | | Patel Maya |
| 17 | Stationary | Hetal Desai | Qureshi Altaf | ParmarAnkit |
| | | Rashmi Ediwal | | Prajapati Ashok |
| 18 | Discipline/Attendance | Arpana Tripathi | Patel dipika | M. Asha |
| | | Hetal Desai | | Patel Veena |
| 19 | Shakespeare | Dr.Bharat Mali | Srimali Darshana | Joshi Pooja |
| | | Dr. Himanshu Acharya | | Solanki Shilpa |
| 20 | Steve Jobs | Dr.Neelu Ghosh | Chauhan Irshad | Patel Maitri |
| | | Arpana Tripathi | | Patel Anjali |
| 21 | N.S.S | Arpana Tripathi | Makwana Mayur | Thakore Udaji |
| | | Dr.Bharat Mali | | Modh Jinal |
| | | | | Chauhan Gayatri |
| 22 | Submission Of Activities /Held Work | Sujata Barot | Solanki Shilpa | Chauhan Irshad |
| | | Hetal Desai | | Srimali Darshana |
| 23 | Student Forum | Dr.Bharat Mali | Chauhan Gayatri | Prajapati Komal |
| | | Dr. Himanshu Acharya | | Gurjar Jalpa |

**Various Teaching Methods**




**Models of Teaching used for Teaching Practices**



# આવક-જાવક વિગત

## 2018- 19 (વાસ્તવિક)

આવક

| ગ્રાન્ટ | ફી | કુલ | વિદ્યાર્થી સંખ્યા | વિદ્યાર્થી દીઠ સરેરાશ આવક |
|---|---|---|---|---|
| 2945312 | 69734 | 3015046 | 100 | 30150 |

જાવક

| કુલ | વિદ્યાર્થી સંખ્યા | વિદ્યાર્થી દીઠ સરેરાશ ખર્ચ |
|---|---|---|
| 4665619 | 100 | 46659 |

વધ - ઘટ

| કુલ | વિદ્યાર્થી દીઠ સરેરાશ વધ | વિદ્યાર્થી દીઠ સરેરાશ ઘટ |
|---|---|---|
| – 1650573 | | – 16506 |

## 2019- 20 (અંદાજિત)

આવક

| ગ્રાન્ટ | ફી | કુલ | વિદ્યાર્થી સંખ્યા | વિદ્યાર્થી દીઠ સરેરાશ આવક |
|---|---|---|---|---|
| 3099663 | 75486 | 3175149 | 100 | 31752 |

જાવક

| કુલ | વિદ્યાર્થી સંખ્યા | વિદ્યાર્થી દીઠ સરેરાશ ખર્ચ |
|---|---|---|
| 4859260 | 100 | 48593 |

વધ - ઘટ

| કુલ | વિદ્યાર્થી દીઠ સરેરાશ વધ | વિદ્યાર્થી દીઠ સરેરાશ ઘટ |
|---|---|---|
| – 1684111 | | 16841 |

(ડૉ. હસમુખ મોદી)
નિયામક
વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર

(ડૉ. નીલુબેન ઘોષ)
આચાર્યા,
શ્રી ડી.ડી. ચોક્સી કૉલેજ ઓફ
સેકન્ડરી એજ્યુકેશન